રજસ એન્ટરપ્રાઇઝના સંચાલકો દ્વારા દર મહિને સમયસર પગાર અપાતો નથી : કર્મચારીનો આક્ષેપ

સયાજી હોસ્પિટલમાં પગાર મુદ્દે હોબાળો, કોન્ટ્રાક્ટના કર્મચારીઓનો ભારે વિરોધ

પેટનો ખાડો પૂરવા પૈસા નથી, સેવા અમે કરીએ, કમાણી કોન્ટ્રાક્ટર કરે પગાર મુદ્દે સયાજી હોસ્પિટલમાં કર્મચારીઓનો હાઈવોલ્ટેજ ડ્રામા

(પ્રતિનિધિ) વડોદરા તા.૧૩

વડોદરા શહેરની સૌથી મોટી સયાજી હોસ્પિટલમાં કોન્ટ્રાક્ટ પર ફરજ બજાવતા કર્મચારીઓએ આજે મેદાનમાં ઉતરી ભારે હોબાળો મચાવ્યો હતો. રજસ એન્ટરપ્રાઇઝ કંપની દ્વારા લાંબા સમયથી સમયસર વેતન ન ચૂકવવામાં આવતા કર્મચારીઓમાં રોષ ફાટી નીકળ્યો છે. હાલમાં ચેતન નાગરાણી ની દેખરેખ હેઠળ કર્મચારીઓ કામ કરી રહ્યા છે. સયાજી હોસ્પિટલમાં આઉટસોર્સિંગ દ્વારા લેવામાં આવેલા કર્મચારીઓનો આક્ષેપ છે કે રજસ એન્ટરપ્રાઇઝના સંચાલકો દ્વારા તેઓને દર મહિને સમયસર પગાર આપવામાં આવતો નથી. વારંવાર રજૂઆત કરવા છતાં મેનેજમેન્ટ દ્વારા કોઈ સંતોષકારક જવાબ ન મળતા, અંતે કંટાળેલા કર્મચારીઓએ આજે હોસ્પિટલના પટાંગણમાં ભેગા થઈને સૂત્રોચ્ચાર કર્યા હતા અને કામગીરી અટકાવી વિરોધ પ્રદર્શન કર્યું હતું. તમામ કર્મચારીઓ ભેગા થઈ ને સયાજી હોસ્પિટલના સુપ્રીટેન્ડેન્ટ ડૉ રંજન ઐયરને મળવા ગયા હતા. કર્મચારીઓએ જણાવ્યું હતું કે, અમે દિવસ-રાત મહેનત કરીએ છીએ, છતાં મહિનાના અંતે ઘર ચલાવવા માટે પણ અમારી પાસે પૈસા હોતા નથી. જો ત્વરિત પગાર કરવામાં નહીં આવે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ આપવામાં આવી છે. આ મામલે હોસ્પિટલ સત્તાધીશો દ્વારા મધ્યસ્થી કરીને મામલો થાળે પાડવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જોકે, કોન્ટ્રાક્ટ કંપનીના સંચાલકોની નિષ્કાળજીને કારણે હોસ્પિટલની સેવાઓ ખોરવાય તેવી ભીતિ સેવાઈ રહી છે.

MSUમાં બીબીએના વિદ્યાર્થી એસોસિએશન દ્વારા બીફોર ઉત્તરાયણની ઉજવણી કરાઈ

વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ ડીજેના તાલે ઝૂમીને પતંગો ઉડાવી ઉતરાયણ પર્વની મોજ માણી

(પ્રતિનિધિ) વડોદરા,તા.13

વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીની બીબીએ ફેકલ્ટી ખાતે બીબીએ એસોસિએશન દ્વારા બીફોર ઉતરાયણ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ ડીજેના તાલે ઝૂમીને પતંગો ઉડાવી ઉતરાયણ પર્વની મોજ માણી હતી.

વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીની બીબીએ ફેમલ્ટી ખાતે બીબીએ એસોસિયેશન દ્વારા બીફોર ઉતરાયણ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ ડીજેના તાલે મોજમસ્તી કરી પતંગો ઉડાવી ઉત્તરાયણ પર્વની ઉજવણી કરી હતી. આ ઉજવણીમાં ફેકલ્ટીના એસોસિયેટ ડાયરેક્ટર કે આર બડોલા, આસિસ્ટન્ટ ડાયરેક્ટર ડો. અર્ચના ફૂલવાડી, પ્રોફેસરો સહિત વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પતંગો ચકાવી ઉતરાયણ પર્વની ઉજવણી કરી હતી. ઉતરાયણનો પર્વ ખુશીઓનો તહેવાર છે, જેમાં લોકો ભેગા મળી આનંદ અને હર્ષોલ્લાસભેર ઉજવણી કરતા હોય છે. આ દિવસે લોકો આકાશમાં પતંગ ચકાવે છે. ઉત્તરાયણ એક એવો તહેવાર છે, જે લોકોને એકબીજાની નજીક લાવે છે ખુશીઓ વહેંચે છે. ઉત્તરાયણમાં લોકો ભાતભાતના રંગબેરંગી ડિઝાઇન વાળા પતંગો ચગાવે છે અને તેમની કલા અને કૌશલ્યનું પ્રદર્શન કરે છે,આ ઉપરાંત તલ ગોળ અને ચણા અને ગોળનો બનેલો સ્વાદિષ્ટ નાસ્તો પણ કરીને આ તહેવારનો આનંદ માણતા હોય છે. ત્યારે, બીબીએ ફેકલ્ટીમાં આયોજિત આ બીફોર ઉતરાયણ પર્વમાં વિદ્યાર્થીઓ ફેકલ્ટીના સંચાલકો અને પ્રધ્યાપકોએ ભેગા મળીને ડીજેના તાલે ઉત્તરાયણ પર્વની ઉજવણી કરી હતી.

નિપુણ ભારત મિશન અંતર્ગત ધો.૧ અને ૨ના શિક્ષકો માટે જિલ્લા કક્ષાએ માસ્ટર ટ્રેનર્સ તાલીમ યોજાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.13

સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા, ગાંધીનગરની સૂચનાનુસાર તથા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ને ધ્યાનમાં લઈ નિપુણ ભારત મિશનને અસરકારક રીતે અમલમાં મૂકવાના હેતુથી બાલવાટિકા તેમજ ધોરણ ૧ અને ૨ના બાળકો માટે વિવિધ પ્રકારની અધ્યયન-અધ્યાપન સામગ્રી વર્ષ ૨૦૨૪-૨૫થી રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ પહેલના અનુસંધાને શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન ધોરણ ૧ અને ૨ના વિદ્યાર્થીઓમાં અભ્યાસપ્રક્રિયામાં નાવીન્યતા વિકસે, પ્રવૃત્તિ આધારિત શિક્ષણને પ્રોત્સાહન મળે તથા વર્ગખંડની અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા વધુ રસપ્રદ બને તે હેતુથી ધોરણ ૧ અને ૨ના અધ્યયન સંપુટ તેમજ શૈક્ષણિક સાહિત્ય અને સામગ્રીના અસરકારક ઉપયોગ અંગે તમામ શિક્ષકો પરિચિત થાય તે આશયથી જિલ્લા કક્ષાએ માસ્ટર ટ્રેનર્સની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અનુસંધાને ડાયટ, વડોદરા ખાતે તારીખ ૭ અને ૮ જાન્યુઆરી, ૨૦૨૬ દરમ્યાન બે દિવસીય બિનનિવાસી માસ્ટર ટ્રેનર્સ તાલીમ યોજાઈ હતી, જેમાં આશરે ૭૦ જેટલા તાલીમાર્થીઓએ સક્રિય રીતે ભાગ લઈ તાલીમ પ્રાપ્ત કરી હતી. રાજ્ય કક્ષાએ તૈયાર કરવામાં આવેલા રિસોર્સ પર્સન દ્વારા આ તાલીમ આપવામાં આવી હતી. આ સમગ્ર તાલીમ વર્ગનું આયોજન જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી મહેશ પાંડેના સીધા માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

તાલીમના પ્રથમ દિવસે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી મહેશ પાંડે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે તાલીમાર્થીઓને વિવિધ દ્રષ્ટાંતો દ્વારા પ્રેરણા અને ઉત્સાહ આપ્યો હતો. તેમણે શાળાઓને ઉપલબ્ધ કરાવવામાં આવેલી શૈક્ષણિક સાહિત્ય-સામગ્રીનો વર્ગખંડમાં અસરકારક અને હેતુલક્ષી ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવાની ખાસ અપીલ કરી હતી. જિલ્લા કક્ષાએ માસ્ટર ટ્રેનર્સની તાલીમ પૂર્ણ થયા બાદ હવે આગામી તબક્કામાં દરેક તાલુકામાં ધોરણ ૧ અને ૨ના વિદ્યાર્થીઓને ભણાવતા શિક્ષકો માટે તાલુકા કક્ષાના વિવિધ તાલીમ કેન્દ્રો પર તાલીમનું આયોજન કરવામાં આવશે, જેથી નીતિના ઉદ્દેશો જમીનસ્તર સુધી અસરકારક રીતે અમલમાં આવી શકે.

લીમડી નજીક ને.હા. પર ટ્રાવેલર્સ અને બાઈક વચ્ચે અકસ્માત : 9 વર્ષિય બાળક સહિત બે મોત

ગંભીર રીતે ઘાયલ થયેલા યુવકને સારવાર અર્થે ઝાયડસ હોસ્પિટલમાં ખસેડાયો



(પ્રતિનિધિ) દાહોદ તા 13

દાહોદ જિલ્લાના લીમડી નેશનલ હાઈવે ઉપર આવેલ કાળીમહુડી ગામ પાસે આજે એક ગંભીર અકસ્માતની ઘટના બની હતી. ખાનગી ટ્રાવેલ્સની બસે બાઈકને અડફેટે લેતા આ અકસ્માત સર્જાયો હતો. લીમડી ગામ નજીક આવેલ કારટ ગામના વાગીવડ ફળીયાના ત્રણ પિતરાઈ ભાઈઓ ઘરે થી પતંગ લેવા નીકળ્યા હતા તે દરમ્યાન લકઝરી બસ દ્વારા ટક્કર વાગતા અકસ્માતમાં પતંગ લેવા નીકળેલા બાઈક પર સવાર બે પિતરાઈ ભાઈઓ તેની ઝપેટમાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ ખાનગી ટ્રાવેલ્સની બસે બાઈકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં 9 વર્ષીય બાળકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું, જ્યારે બીજા ને ઝાયડસ હોસ્પિટલમાં લાવ્યા બાદ મોત નીપજ્યું હતું તથા એક યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા તેની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. ઘાયલને તાત્કાલિક સારવાર અર્થે ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતા આ અકસ્માતની ઘટનાને લઈને સમગ્ર વિસ્તારમાં શોક અને અરેરાટી ફેલાઈ ગઈ છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને અકસ્માત અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પતંગ લેવા નીકળેલા પરિવાર પર અચાનક આવી પડેલી આ દુર્ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાવી છે.

બુદ્ધેશ્વર મહાદેવ મંદિર દ્વારા આજે જાહેર ભંડારાનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરાના ફતેગંજ પોસ્ટ ઓફિસ, નિઝામપુરા રોડ ખાતે આવેલ બુદ્ધેશ્વર મંદિર દ્વારા ઉતરાયણ પર્વ નિમિત્તે તારીખ : 14/01/2026 ને બુધવારના રોજ મહીસાગર (ફાજલપુર) રેલવે ગરનાળા પાસે વ્હેલી સવારે 7 વાગે શ્રી સત્યનારાયણ દેવની કથા તથા બ્રમિ ભોજન સવારે 8 વાગે, વરકાદાન, વિષ્ણુ મહાયજ્ઞ તથા 1000 હજાર વિષ્ણુ સહસ્ત્રનામ તથા સાર્વજનિક મહાભંડારો સવારે 9 થી 3 વાગ્યા સુધી ચાલુ રહેશે. ભાવિક ભક્તોને આ ભંડારામાં મહા પ્રસાદી લેવા માટે મંદિરના મહારાજ શ્રી પારસગીરી લાલપ્રસાદ દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવે છે.

સિટી લેવલ રોડ સેફ્ટી બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા શહેર પોલીસ કમિશ્નર નરસિંમ્હા કોમારની અધ્યક્ષતામા પોલીસ ભવન ખાતે સીટી લેવલ રોડ સેફ્ટી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જે બેઠકમાં અધિક પોલીસ કમિશ્નર ક્રાઈમ,લો એન્ડ ઓર્ડર, સીવીલ સર્જન જમનાબાઈ હોસ્પિટલ, રોડ સેફ્ટી એક્ષપર્ટ- એમ.એસ.યુનિ., કાર્યપાલક ઈજનેર -ટ્રાફિક-વીએમસી, નાયબ પોલીસ કમિશ્નર- ટ્રાફિક પૂર્વ, મદદનીશ પોલીસ કમિશ્નર ટ્રાફિક પૂર્વ/ પશ્ચિમ, RTO અધિકારી, વીએમસીના અધિકારીશ્રીઓ, એનએચએઆઈ અમદાવાદ અને એકતાનગરના અધિકારીઓ, આઈઆરએડીના રોલ આઉટ મેનેજર હાજર રહ્યા હતા. આ બેઠકમાં રોડ સેફ્ટી બાબતે ચર્ચા કરવામાં આવી તેમજ અધ્યક્ષ સ્થાનેથી જરૂરી સુચનાઓ આપવામાં આવી હતી.

દક્ષીણ ગુજરાત વીજ કંપની લીમીટેડ
CIN U40102GJ2003SGC042909
ભરૂચ ગ્રામ્ય વિભાગીય કચેરી
મકતમપુર, ઝાડેશ્વર રોડ, ભરૂચ - ૩૯૨૦૧૨
DGVCL
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં :- ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩, ૧૯૧૨૩

વીજપુરવઠો બંધ રેહવા

આથી અમારા આમોદ સબડીવીઝન ના માનવંતા ગ્રાહકોને તથા જાહેર જનતાને જણાવવાનું કે નીચે જણાવેલા વીજ ફીડરો પર સબડીવીઝન કચેરી / ૬૬ કેવી સબ સ્ટેશન નું અગત્યનું સમારકામ હોવાથી તેમાંથી વીજપુરવઠો મેળવતા તમામ વીજગ્રાહકો તેની સામે દર્શાવેલ તારીખે અને સમયે વીજપુરવઠો મળી શકશે નહીં. કામ પૂરું થયેથી બીજી કોઈ પણ જાતની જાન કર્યા સિવાય વીજપુરવઠો ચાલુ કરવા માં આવશે, જેની જાહેર જનતા ને ખાસ નોંધ લેવા વિનંતી છે.

ક્રમ	સબ સ્ટેશન	ફીડર	સબ-ડીવીઝન	ફોલ્ટ સેન્ટર નંબર	તારીખ/ વાર	સમય
૧	૬૬ કેવી આમોદ	તમામ ૧૧ કેવી ફિડરો	આમોદ	૮૯૮૦૮૦૩૬૧૯	૧૭-૦૧-૨૦૨૬/શનિવાર	૮:૦૦ થી ૧૫:૦૦

એમ.સી.બી / ઈ.એલ.સી.બી/આર.સી.સી.બી લગાવી વીજળીના ઝાટકા થી બચો અને વીજ અકસ્માત ટાળો

વાગરામાં શંકાસ્પદ મોતની ઘટના: ત્રીજા માળેથી પડેલા બિહારી શ્રમિકનું મોત

લોકોના તર્ક વિતર્ક : અકસ્માત કે હત્યા?

(પ્રતિનિધિ) ભરૂચ, તા. 13

વાગરાની હનુમાન ચોકડી પાસે આવેલી ખુશ્બુ કોમ્પલેક્ષમાં એક પરપ્રાંતીય શ્રમિકનું અચાનક મોત થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. 20 વર્ષીય મોનુ કુમાર ઉર્ફે પપ્પુ મંડલ, જે બિહારના વતની છે અને કામકાજ માટે અહીં આવ્યા હતા, તે ત્રીજા માળે આવેલા તેમના રૂમની ગેલેરીમાંથી નીચે પડી ગયા હતા. આ ઘટનામાં તેમને માથાના ભાગે ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ તેમનું મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં વાગરા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી અને મૃતદેહને કબજે લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોલીસે કાયદેસરની તમામ કાર્યવાહી શરૂ કરી છે, પરંતુ આ મોતને લઈને અનેક સવાલો ઉભા થયા છે. યુવક અચાનક ગેલેરીમાંથી કેવી રીતે પડ્યા? ઘટના સમયે ત્યાં કોઈ અન્ય વ્યક્તિ હાજર હતી કે નહીં? કોઈ ઝઘડો કે ધક્કામુક્કી થઈ હતી કે કેમ? આ બાબતોને લઈને હજુ સ્પષ્ટતા મળી નથી.સ્થાનિક વાસીઓ અને પરપ્રાંતીય શ્રમિકોમાં આ ઘટનાને લઈને ચિંતા વ્યાપી છે.

ભૂતકાળમાં આવા વિસ્તારોમાં શ્રમિકો વચ્ચેના આંતરિક વિવાદોને કારણે ગંભીર ગુનાઓ અને હત્યાના બનાવો સામે આવ્યા છે, જેના કારણે આને માત્ર અકસ્માત તરીકે આ ઘટના જોઈ શકાય નહી. સ્થાનિકોનું કહેવું છે કે આ ઘટના પાછળ કોઈ ગુનાહિત તત્વ સંડોવાયેલું હોઈ શકે છે.

પોલીસના જણાવ્યા મુજબ, તેઓ તમામ પાસાઓને ધ્યાનમાં રાખી તપાસ આગળ વધારી રહ્યા છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને અન્ય તારણો બાદ જ સ્પષ્ટ થશે કે આ અકસ્માત હતો, હત્યા હતી કે પછી આત્મહત્યા. ઘટનાસ્થળની પરિસ્થિતિ, મૃતકની સ્થિતિ અને અન્ય સંકેતોને આધારે તપાસને તમામ દિશાઓમાં વિસ્તારવામાં આવી રહી છે. પરપ્રાંતીય શ્રમિકો, સુરક્ષા અને તેમના વચ્ચેના વિવાદોને લઈને વધુ જાગૃતિની જરૂરિયાત વ્યક્ત થઈ રહી

સખી મંડળોને આર્થિક સશક્તિ : તલ, માવા, મમરાના લાડુ-ચિક્કી, અને માલપુડાના ૧૦ કિલોના ઓર્ડર પૂર્ણ

વડોદરા જિલ્લામાં મહિલા સશક્તિકરણમાં સખી મંડળોનું મહત્વપૂર્ણ યોગદાન : ફક્ત બે દિવસમાં ૧૦ હજારની આવક મેળવી

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત કાર્યરત સખી મંડળો આજે મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યા છે. વડોદરા જિલ્લાના અનગઢ ગામ ખાતે કાર્યરત ગજલક્ષ્મી સખી મંડળ દ્વારા તહેવારો દરમિયાન સ્વરોજગારીના માધ્યમથી નોંધપાત્ર આવક મેળવી મહિલાઓ આત્મનિર્ભર બની રહી છે.

ગજલક્ષ્મી સખી મંડળમાં અનગઢ ગામની ૧૪ બહેનો જોડાયેલી છે. જે દર મહિને ૫૦૦ રૂપિયાની નિયમિત બચત પણ કરે છે. આ સાથે મંડળને ૧.૫ લાખ રૂપિયાની લોન પ્રાપ્ત થઈ છે, જેના આધારે બહેનો વિવિધ આર્થિક પ્રવૃત્તિઓ સાથે જોડાઈ છે.

તહેવારો દરમિયાન મંડળ દ્વારા વિવિધ પ્રકારની મીઠાઈઓ બનાવવાના ઓર્ડરો લેવામાં આવે છે. આ વર્ષે મકરસંક્રાંતિ નિમિત્તે તલ અને માવાના લાડુ-ચિક્કી, મમરાના લાડુ તથા માલપુડાના આશરે ૧૦ કિલોના ઓર્ડર સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો. જેના પરિણામે બહેનોએ ફક્ત બે જ દિવસમાં રૂ. ૧૦,૦૦૦ની આવક પ્રાપ્ત થઈ છે. જેનાથી મહિલાઓ ખુશખુશાલ છે.

આ ઉપરાંત, તહેવારો દરમિયાન ખજુરના લાડુ, સુખડી, ઉંધીયું તેમજ જમણવારના ઓર્ડરો પણ લેવામાં આવે છે, જેનાથી મંડળની આવકમાં સતત વધારો થઈ રહ્યો છે.

ગજલક્ષ્મી સખી મંડળના પ્રમુખ શ્રીમતી મહેશ્વરી સિસોદ્યાએ સરકારશ્રી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "સખી મંડળના માધ્યમથી અમે આત્મનિર્ભર બન્યા છીએ. તહેવારો દરમિયાન મીઠાઈઓ અને વાનગીઓના ઓર્ડરો લઈ સારી આવક મેળવી ઘર પરિવારની સાથે જ રહી આર્થિક રીતે મદદરૂપ બની રહ્યા છે જે અમારા માટે ખુબ મોટી વાત છે."

નાના મોટા અનેક વ્યવસાયો અને ગૃહ ઉદ્યોગ થકી સખી મંડળો આજે મહિલાઓને સ્વાવલંબી બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે અને ગ્રામ્ય અર્થતંત્રને પણ મજબૂત કરી રહ્યા છે. સખી મંડળો ગૃહ ઉદ્યોગ અને મહિલાઓ બન્નેના નોંધપાત્ર વિકાસમાં ભાગીદાર બન્યા છે.

પાદરામાં પત્નીના નામે લાખોની લોન લઈ પતિએ વિશ્વાસઘાત કર્યાનો આક્ષેપ

આર્થિક છેતરપિંડી, સોનાના દાગીના વેચાણ અને મારી નાખવાની ધમકીની ફરિયાદ

(પ્રતિનિધિ) પાદરા તા.13

પાદરા તાલુકાના લતીપુરા ગામની એક પરિણીતાએ પાદરા માં રહેતા પોતાના પતિ, સાસુ તથા દિયર સામે ગંભીર આર્થિક છેતરપિંડી, વિશ્વાસઘાત અને માનસિક-શારીરિક ત્રાસ અંગે પોલીસ ફરિયાદ નોંધાવતા સમગ્ર પાદરા પંથક વિસ્તારમાં ચકચાર ફેલાઈ છે.

ફરિયાદી ક્રિષ્ણાબેન પટેલ, રહે.હાલ લતીપુરા (ઉ.વ.૨૯), હાલ વડોદરાની અટલાદરા સ્થિત કોટક મહિન્દ્રા બેંકમાં નોકરી કરે છે. તેમણે પોલીસને આપેલી વિગત મુજબ વર્ષ ૨૦૧૭માં જેનીલ નિલેશભાઈ પટેલ સાથે રજીસ્ટર્ડ લગ્ન કર્યા હતા. તા.૨૯ ફેબ્રુઆરી ૨૦૨૦થી પતિ સાથે રહેતી હતી.

ફરિયાદ મુજબ પતિ જેનીલ પટેલ વિઝા કન્સલ્ટન્સીનો ધંધો કરતા હતા. તેમના પર કેસ થતા સેટલમેન્ટ માટે પૈસાની જરૂર હોવાનું કહી ફરિયાદીના પિતાજી પાસેથી રૂ.૧૮ લાખ, ફરિયાદીના ભાઈને વિદેશ મોકલવાની લાલચ આપી રૂ.૭ લાખ તથા દુબઈ પ્રવાસ દરમિયાન સોનુ ખરીદવા માટે પિતાએ આપેલા રૂ.૫ લાખ લઈ કુલ રૂ.૩૦ લાખ પિયર પક્ષ પાસેથી લઈ પોતાના ખર્ચમાં વાપરી નાખ્યા હતા. આ ઉપરાંત પતિએ ફરિયાદીના નામે ફોરવ્હીલ ગાડી માટે રૂ.૧૧.૫૦ લાખની લોન તેમજ અલગ-અલગ બેંકો અને ફાઈનાન્સ કંપનીઓમાંથી કુલ રૂ.૯.૭૦ લાખની પર્સનલ લોન લઈ હતી. તેમજ વિવિધ બેંકોના ક્રેડિટ કાર્ડ ઉપર કુલ રૂ.૪.૨૦ લાખની ક્રેડિટ પણ લઈ ખર્ચી નાખી હતી. આ સમગ્ર ઘટનાક્રમ અંગે પાદરા પોલીસ સ્ટેશનમાં પતિ જેનીલ નિલેશભાઈ પટેલ, દિયર તક્ષ નિલેશભાઈ પટેલ તથા સાસુ હેમલતાબેન નિલેશભાઈ પટેલ તમામ રહે.કોઠી ફળિયું, પાદરા, સામે ફરિયાદ નોંધાઈ છે. પોલીસ દ્વારા મામલે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

ભારત સરકાર
કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય
Skill India
कौशल भारत-कुशल भारत

નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ (NCVET), નવી દિલ્હી (કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળની એક બિન-વૈધાનિક નિયમનકારી સત્તા)માં એક્ઝિક્યુટિવ સભ્યની એક (01) ખાલી જગ્યા માટે અરજીઓ આમંત્રિત કરવામાં આવે છે.

લાયકાત માપદંડો, નિર્ધારિત પ્રોફોર્મા અને અન્ય જરૂરી માહિતી સાથેની વિગતવાર જાહેરાત આ મંત્રાલયની વેબસાઇટ (http://www.msde.gov.in) પર ઉપલબ્ધ છે. રસ ધરાવતા ઉમેદવારો તેમની અરજીઓ નિર્ધારિત ફોર્મેટમાં સંયુક્ત નિયામક (E&P વિંગ) ને ઇમેઇલ ecopol-msde@gov.in દ્વારા અથવા પોસ્ટ દ્વારા 09 માર્ચ, 2026ના રોજ સાંજે 5:30 વાગ્યા સુધીમાં અથવા તે પહેલાં મોકલી શકે છે.

એસડી/-
સંયુક્ત નિયામક,
કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય

સ્થળ: નવી દિલ્હી
તારીખ: 12 જાન્યુઆરી, 2026
CBC 63101/11/0013/2526

SVC CO-OPERATIVE BANK LTD. (Multi-State Scheduled Bank) ESTD 1906

લીગલ અને રીકવરી ડીપાર્ટમેન્ટ : એસ.વી.સી. ટાવર, જવાહરલાલ નેહરૂ રોડ, વાકોલા, સાંતાક્રુઝ (પૂર્વ) મુંબઈ-૪૦૦૦૫૫, ટેલિ. નં. ૭૧૯૯૯૯૭૫ / ૯૮૦ / ૯૮૩ / ૯૭૧ / ૯૨૮ / ૯૮૭.
અમદાવાદ રીજનલ ઓફિસ : ગ્રાઉન્ડ ફ્લોર, પ્લેટીનિયમ પ્લાઝા, આઈઓસી પેટ્રોલ પંપની સામે, જજીસ બંગલો રોડ, બોડકદેવ, અમદાવાદ - ૩૮૦૦૫૪, ટેલિ. નં. ૦૭૯-૨૬૮૭૧૪૦/૪૨.

વેચાણ માટે જાહેર સુચના

"જ્યાં છે જેમ છે અને જે રીતે છે ની પરિસ્થિતીમાં" પર કોમર્શિયલ મિલકતોનું વેચાણ (સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ મેળવેલ મિલકત)

ઉધારકર્તા / મોર્ગેજરનું નામ	તા. ૩૧.૧૨.૨૦૨૫ ના રોજ નું બાકી બેલેન્સ
(૧). મે. શ્યામ લિક્વિડ ફુડ પ્રોડક્ટ્સ (પ્રિન્સીપલ ઉધારકર્તા) પ્રોપ્રાઈટર : શ્રી ઘનશ્યામ વિઠ્ઠલભાઈ ગલાથીયા (તેમના કાયદેસરના વારસદારો દ્વારા મૃત્યુ પામ્યા હોવાથી), ઓફિસ બી/૩, ચારભુજા કોમ્પ્લેક્ષ, અંબાલાલ પાર્કની પાસે, કારેલીબાગ, વડોદરા - ૩૯૦૦૧૮ (૨). શ્રી ઘનશ્યામ વિઠ્ઠલભાઈ ગલાથીયા (મોર્ગેજર / જમીનદાર), (તેમના કાયદેસરના વારસદારો દ્વારા મૃત્યુ પામ્યા હોવાથી), (૨). (એ). કુમારી નયનાબેન જી. ગલાથીયા (પત્ની), (૨). (બી). શ્રી હેત જી. ગલાથીયા (પુત્ર) - તેમના કાયદેસર ના ગાર્ડીયન તરીકે, ૨(એ) અને ૨(બી) રહેણાંક : ઘર નં. ૫, ઋતુ ડુપ્લેક્ષ, મેટ્રો હોસ્પિટલની પાસે, હરણી રોડ, વડોદરા - ૩૯૦૦૦૬. (૨). (સી). મંજુલાબેન વી ગલાથીયા (માતા), એ-૩૦૩, વૃંદાવન ફલેટ્સ, સોહમ બંગ્લોઝની સામે, વાસણા રોડ, વડોદરા - ૩૯૦૦૦૭.. (૩). શ્રી આનંદ જયંતિલાલ રાવલ (જમીનદાર), સાવિત્રી નિવાસ, શીતલ હોટલની સામે, પી.એન. જુનો હાઈવે, તાલેગાંવ, દાભાડે, પુણે - ૪૧૦૫૦૭.	રૂા. ૫,૭૦,૬૪૧.૪૧ (રૂા. પાંચ લાખ સીતેર હજાર નવસો એકતાલીસ અને એકતાલીસ પૈસા પુરા) તા. ૩૧.૧૨.૨૦૨૫ સુધીનું, તા. ૦૧.૦૧.૨૦૨૬ થી કરાર દરે ભાવિ વ્યાજ અને આકસ્મિક ખર્ચ, કોસ્ટ અને ચાર્જીસ વગેરે.

મિલકતનું સ્થાન અને વિગતો	અનામત કિંમત (રૂા. લાખમાં)	અર્નેસ્ટ મની ડીપોઝીટ (રૂા. લાખમાં)	નિરીક્ષણની તારીખ અને સમય	ટેન્ડર અને હરાજી ખોલવાની તારીખ અને સમય
શ્રી ઘનશ્યામ વિઠ્ઠલભાઈ ગલાથીયા ના નામનો તમામ ભાગ અને હિસ્સા સાથેની સ્થાવર મિલકતનો (રજીસ્ટર્ડ કમ નં. બીઆરએ-૧, ૩૪૭૮/૨૦૦૯), દુકાન નં. ૪, સુપર બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૨૨૫ સ્કે. ફીટ., દુકાન નં. ૫ અને ૮, જેનું સુપર બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૩૦૦ સ્કે. ફીટ., દુકાન નં. ૬ અને ૭, જેનું સુપર બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૩૦૦ સ્કે. ફીટ., દુકાન નં. ૯, જેનું સુપર બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૨૬૫ સ્કે. ફીટ., જે સ્થિત અરીહંત સુપર માર્કેટ, લાલબાગ રેલ્વે ક્રોસીંગ, માંજલપુર રોડ, વડોદરા, બાંધકામ કરેલ જમીનનો આર.સી.એસ. નં. ૪૧૩ પૈકી, ટીપી સ્કીમ નં. ૧૮, એફપી નં. ૧૭ પૈકી, વોર્ડ નં. ૪, સીટી સર્વે નં. ૩૩૧૦ પૈકી થી ૩૧૧ થી ૩૩૧૭, વડોદરા કાસબા, ગુજરાત - ૩૯૦૦૧૧.	૨૦,૪૫,૦૦૦/-	૨,૦૪,૫૦૦/-	તા. ૨૩.૦૧.૨૦૨૬ અને તા. ૦૨.૦૨.૨૦૨૬ ------- સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	તા. ૧૩.૦૨.૨૦૨૬ બપોરે ૧૨.૩૦ વાગ્યે

શરતો અને નિયમો :-

(૧). વેચાણ આ જાહેરાતમાં અને નિયત ટેન્ડર ફોર્મમાં સમાવિષ્ટ નિયમો અને શરતોને આધીન છે. ઉપરોકત મિલકતોની વધુ વિગતો અને ટેન્ડર ફોર્મ **આવેલી શાખા ઓફિસમાંથી વડોદરા શાખા, ૧ - ૫, શ્રી કોમ્પ્લેક્ષ, શ્રેણીક પાર્ક કોસ રોડ, મોડકટીવીટી રોડ, અકોટા, વડોદર